# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાડભૂત બેરેજ યોજનાને નિશ્ચિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા અને કામની ગુણવત્તા જાળવવા સૂચન કર્યું.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ-વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે.**
3. **માતાજીના આરાધના પર્વ ચૈત્રી નવરાત્રીનો આજથી પ્રારંભ, આજે ગુઢી પડવો અને ચેટીચાંદની પણ ઉત્સાહભેર ઉજવણી.**
4. **એપ્રિલના પ્રથમ બે દિવસ દરમિયાન રાજ્યમાં વરસાદ પડવાની હવામાન વિભાગની આગાહી**
5. **આઈપીએલ ક્રિકેટમાં, અમદાવાદમાં રમાયેલી મેચમાં ગુજરાત ટાઇટન્સે મુંબઈ ઇન્ડિયન્સને 36 રનથી હરાવ્યું.**

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM BHADBHUT BARRIAGE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદા નદી ઉપર આકાર પામી રહેલી ભાડભૂત બેરેજ યોજનાને નિશ્ચિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા અને કામની ગુણવત્તા જાળવવા સૂચન કર્યું છે. મુખ્યમંત્રીએ ગઈ કાલે આ પ્રોજેક્ટસનાં સ્થળની મુલાકાત લીધી હતી.

અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટમાં ૫૩ ટકા પ્રગતિ થઈ છે , જ્યારે પ્રથમ તબક્કાની ૯૯ ટકા કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. 2027 માં બેરેજની કામગીરી પૂરી થયા બાદ જળાશયમાં મીઠા પાણીનો સંગ્રહ થઈ શકશે, જેને પગલે સરકારને ઉદ્યોગો અને પીવાના પાણીના દરોની વસુલાતથી વાર્ષિક અંદાજે ૯૦૦ કરોડ રૂપિયાની આવક મળશે.

ભરૂચ પાસે બિન ઉપયોગી રીતે દરિયામાં વહી જતા નર્મદાના મીઠા પાણીનો સંગ્રહ કરીને મીઠા પાણીનું સરોવર બનાવી ભરૂચ-અંકલેશ્વર વિસ્તારની ખારી થતી જતી જમીનને બચાવવા માટે આ યોજના હાથ ધરાઈ રહી છે.

---

# BIHARI DIVAS CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાંજે વટવામાં બિહારી સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા બિહાર સ્થાપના દિવસ સમારોહ અને હોળી મિલન સમારોહ માં ભાગ લશે. આ પ્રંસગે દિલ્હીના સાંસદ મનોજ તિવારી સહિત અનેક સંતો-મહંતો ઉપસ્થિત રહેશે.

---

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક , આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઈલ એપ પર 'મન કી બાત ' કાર્યક્રમનું પ્રસારણ કરાશે. આ ઉપરાંત આકાશવાણી સમાચાર , ડીડી ન્યૂઝ, PMO, માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલો પર પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

---

# MANSUKH MANDAVIYA SUNDAY ON CYCLE

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવીયા આજે સવારે જૂનાગઢ ખાતે સન્ડે ઓન સાઇકલ કાર્યક્રમમાં ભાગ લેશે. શ્રી માંડવીયા સવારે 10 કલાકે ઉપલેટામાં 'ગોરસ' સાંસદ કાર્યાલય ખાતે ઉપસ્થિત રહેશે.

---

# KARYALAY KHATMUHRAT

ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ આજે બોટાદ ખાતે જિલ્લા ભાજપના આધ્યાત્મિક કમલમ કાર્યાલયનું ખાતમુહૂર્ત કરશે.

આ અંગે વધુ માહિતી સાંભળીએ અમારા પ્રતિનિધિ પ્રકાશ ભીમાણી પાસેથી.

## (Vc પ્રકાશ ભીમાણી)

દરમિયાન, શ્રી પાટીલ આજે સવારે આહવા તાલુકાના પટેલપાડા ખાતે ડાંગ જિલ્લા ભાજપ કાર્યાલયનું ખાતમુહૂર્ત કરશે અને સાંજે લો કોલેજ નવસારીના સુવર્ણજયંતિ મહોત્સવનાં ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

---

# GARUDA VAN PRAHARI PROJECT

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલે ગઈ કાલે તાપી જિલ્લાના સોનગઢ ખાતેથી ગુજરાતના પાંચ જિલ્લામાં પાયલટ પ્રોજેકટ તરીકે ગરૂડા વન પ્રહરી પ્રોજેકટની શરૂઆત કરાવી.

જંગલોમાં થતી ગેરકાયદેસર પ્રવૃતિઓ પર વન વિભાગની નજર રાખવા તાપી, ડાંગ સહિતના પાંચ જિલ્લામાં શરૂ કરવામાં આવેલા આ પ્રોજેક્ટથી ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગેરકાયદેસર પ્રવૃત્તિને ડામવા અને જંગલને સુરક્ષિત રાખવામાં મદદ મળશે.

આ પ્રસંગે શ્રી પટેલે વધુમાં આ મુજબ જણાવ્યું

## (BYTE MUKESH PATEL)

---

# PATAN APMC TOBACCO

પાટણ કૃષિ ઉત્પન્ન બજાર સમિતી- APMC દ્વારા તમાકુના વેચાણ માટેનું માર્કેટયાર્ડ શરૂ કરવા નિર્ણય કરવામાં આવ્યો છે. પાટણના જિલ્લાના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકીએ સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે , તમાકુનું ઉત્પાદન કરતા ખેડૂતોને વેચાણ માટેનું સારું કેન્દ્ર મળી રહે તે હેતુથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પાટણ દ્વારા પાટણ-ઊંઝા રોડ પર આવેલા દિગડી ગામ પાસે હંગામી તમાકુ માર્કેટયાર્ડ શરૂ કરવા નિર્ણય લેવાયો છે.

જિલ્લાનાં ખેડૂતોની માંગણી ને ધ્યાનમાં લઈને પાટણ માર્કેટ કમિટી દ્વારા વિવિધ મંજૂરીઓ મેળવી આ નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળ્યું છે. આ તમાકુ વેચાણ કેન્દ્રમાં 40 થી વધુ વેપારીઓએ ખરીદી કરવાની તૈયારી દર્શાવી છે.

પાટણ એપીએમસીના ચેરમેન સ્નેહલ પટેલે ખેડૂતોને આ નવા તમાકુ માર્કેટયાર્ડનો લાભ લેવા આમંત્રણ આપ્યું છે.

---

# IIM-A

ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ અમદાવાદ -IIMA ખાતે ગઇકાલે 60મો વાર્ષિક દીક્ષાંત સમારોહ યોજાયો - જેમાં કુલ 630 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ.

આ પ્રસંગે  દીક્ષાંત સમારોહના મુખ્ય અતિથિ - ISROના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. એસ. સોમનાથે  વિદ્યાર્થીઓને ભારતનું ભવિષ્ય ઘડવા માટે પ્રેરણા આપી અને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ અવસરે IIM-Aના ડિરેક્ટર પ્રોફેસર ભરત ભાસ્કરે દુબઈમાં IIM-A આંતરરાષ્ટ્રીય કેમ્પસ સ્થાપવાની જાહેરાત કરી હતી વધુમાં તેમણે એક નવા 'મદન મોહનકા સેન્ટર ઓફ એક્સેલન્સ ઇન કેસ મેથડ ઓફ લર્નિંગ' ની સ્થાપનાની પણ જાહેરાત કરી.

---

# CHAITRI NAVRATRI

માતાજીના આરાધના પર્વ ચૈત્રી નવરાત્રીનો આજથી પ્રારંભ થયો છે. માઈભક્તો આજથી દેવીશક્તિની ઉપાસના પૂજા પાઠ અને અનુષ્ઠાન કરશે. રાજ્યમાં આવેલા વિવિધ શક્તિપીઠોમાં વિશિષ્ટ આયોજનો કરાયા છે. અંબાજી, પાવાગઢ, ચોટીલા, બહુચરાજી સહિતના માઈ મંદિરોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવશે.

યાત્રાધામ બહુચરાજી મંદિર ખાતે આજથી નવ દિવસ મંદિરના ચાંચર ચોકમાં નવરાત્રી મહોત્સવ યોજાશે  અને 10મી એપ્રિલથી  12મી એપ્રિલ સુધી ચૈત્રી પૂનમ  નો પરંપરાગત લોકમેળો પણ યોજાશે.

આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી

**(Vc – જયંતી ચૌધરી)**

આજે મહારાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં મરાઠી નવું વર્ષ ગુડી પડવો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યુ છે. આ તહેવાર વસંત ઋતુના આગમનનું પ્રતીક છે. આ પ્રસંગે લોકો પોતાના ઘરોને શણગારે છે અને દરવાજાની બહાર રંગોળી પૂરે છે.

ચેટીચાંદ નિમિત્તે અમદાવાદ સહિત રાજ્યભરમાં આજે ભગવાન ઝુલેલાલની શોભાયાત્રા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

પાટણ શહેરમાં સિંધી સમાજના મહાપર્વ ચેટી ચંદની ઉજવણી અંતર્ગત શનિવારે સાંજે પાટણમાં પ્રથમવાર ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું. રેલીમાં સિંધી સમાજના ભાઈ- બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

---

# WEATHER

હવામાન વિભાગ દ્વારા એપ્રિલના પ્રથમ બે દિવસ દરમિયાન વરસાદની આગાહી કરી છે. વાતાવરણમાં પલટો આવવાની સાથે સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા અને દક્ષિણ ગુજરાત તથા ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે . જેને કારણે આગામી પાંચ દિવસ દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થશે , અને ગરમીથી આંશિક રાહત મળશે . પરંતુ બીજી તરફ માવઠાની આગાહીને કારણે ખેડૂતો ચિંતિત થયા છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર ગુજરાત પર આગામી 31 માર્ચથી સિસ્ટમ સક્રિય થશે.

**(Byte એ.કે.દાસ)**

---

# IPL

આઈપીએલ ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સે અમદાવાદમાં મુંબઈ ઇન્ડિયન્સને 36 રનથી હાર આપી.. પ્રથમ બેટિંગ કરતા ગુજરાતે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 196 રન બનાવ્યા. સાઈ સુદર્શને 63 રન કર્યા . મુંબઈ તરફથી હાર્દિક પંડ્યાએ બે વિકેટ લીધી.

જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સ 20 ઓવરમાં છ વિકેટે 160 રન જ બનાવ્યા.. સૂર્યકુમાર યાદવે 48 રન બનાવ્યા. ગુજરાત તરફથી મોહમ્મદ સિરાજ અને પી કૃષ્ણાએ બે-બે વિકેટ લીધી.

આજે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો સનરાઇઝર્સ હૈદરાબાદ સામે થશે. આ મેચ વિશાખાપટ્ટનમમાં બપોરે 3.30 વાગ્યાથી રમાશે. ગુવાહાટીમાં સાંજે 7.30 વાગ્યે રાજસ્થાન રોયલ્સ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે રમશે.

****************************************************************************